# ઈન્ટરનેટની છેતરામણી વાતો (**Scams**)

લેખક : જયંતીભાઈ પટેલ

## ૨. કવિતા હરીફાઈ (કવિમૂંડન) :- Poem contests scams

તમે બધા વાંચનના શોખીન છો એટલે ઈન્ટરનેટ પર સર્ફ કરતા જ હશો. આમ કરતાં તમે કદાચ આવી કવિતા હરીફાઈઓની વેબ સાઈટો જોઈ પણ હશે. એમાં મસ મોટાં ઈનામો અને વિના મૂલ્યે પ્રવેશની લલચામણી જાહેરાતે તમને કદાચ આકર્ષ્યા પણ હશે. પણ આવી હરીફાઈઓથી છેતરાવા જેવું નથી.

આજે હું તમને આ સ્કેમ વિષે વિગતે કહેવા માગું છું. આમાં જણાવેલાં મોટાં ઈનામો કયારેય વહેંચવામાં આવતાં નથી અથવા તો વહેંચાતાં હોય છે તો આયોજકોના ફેમિલીમાં કે બોગસ નામોથી એની વહેંચણી કરાતી હોય છે.

એમાં કવિતા મોકલવાની રીત સાવ સ્હેલી હોય છે. હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છનારે ઈમેઈલમાં જ કવિતા મોકલી આપવાની હોય છે એટલે કોઈને એમ જ લાગે કે એમાં કશું જોખમ નથી. સાવ સાચી વાત છે કવિતા મોકલવામાં કશું જોખમ નથી. જોખમ તો તે પછી શરૂ થાય છે.

હરીફની કવિતા પહોંચે કે એક જ અઠવાડિયામાં તેની પર ઈમેઈલ આવી જાય છે. તેમાં જણાવવામાં આવે છે કે તેની કવિતા પહેલા વાંચનમાંથી પસાર થઈ ગઈ છે અને વિવેચકોની પેનલે તેને.હરીફાઈના સેમી ફાઈનલ માટે મંજુર કરી છે. એટલે બે મહિના પછી પ્રસિધ્ધ થનારા સંગ્રહમાં એ પ્રસિધ્ધ થશે જ. હરીફાઈના નિર્ણાયકો નક્કી કરશે ને ઈનામને પાત્ર ઠરશે તો હરીફને એની જાણ કરવામાં આવશે.

બે મહિના પછી પ્રસિધ્ધ થનારા સંગ્રહમાં તમારી કવિતા ચોક્કસ છપાશે. જો તમારે આ કવિતાની સાથે તમારો ટૂંકો પરિચય અને ફોટોગ્રાફ છાપવો હોય તો પરિચય પચાસ શબ્દોથી વધારે મોટો નહીં એટલો અને તમારો પાસપોર્ટ સાઈઝનો ફોટો ઈમેઈલથી મોકલી આપવો. સાથે પરિચય તથા ફોટોના પ્રોસેસિંગના ખર્ચના $ 25 મની ઓર્ડર કે પે પાલથી મોકલવા. હવે હરીફ ઉત્સાહી હોય, અજાણ્યો હોય કે પ્રસિધ્ધિ ચાહતો હોય તો ૨૫ ડોલરનું આંધણ મૂકે જ.

આટલેથી વાત અટકતી નથી. ઈમેઈલમાં વધુમાં જણાવવામાં આવ્યું હોય છે કે અમારા કાયમી બુકસ્ટોર અને કવિઓના મળેલા ઓર્ડર પુરતી આ સંગ્રહની નકલો જ છાપવામાં આવનારી હોવાથી તમારે જોઈતી નકલોનો ઓર્ડર એક અઠવાડિયામાં જ આપી દેશો. પાછળથી મળેલા ઓર્ડર સ્વીકારવામાં આવશે નહીં. આ સંગ્રહની કિંમત $ 25 રહેશે પણ કવિ તરીકે તમને $ 15 + $ 3-99 રવાનગી ખર્ચથી આપવામાં આવશે. પાંચ નકલ મંગાવશો તો રવાનગી ખર્ચ ફકત પાંચ ડોલર જ લેવામાં આવશે અને જો દસ નકલ મંગાવશો તો રવાનગી ખર્ચ માફ કરવામાં આવશે.

આમાં અમારા 'કાયમી બુક સ્ટોર' ભરોંસા પત્ર શબ્દો હોવાની શંકા છે. એવી કોઈ વધારાની નકલો છાપવાની કે વેચાણમાં જવાની હોતી જ નથી. આ તો કવિયોને ભરમાવવાની વાતો જ માત્ર હોય છે. સાચી વાત તો એ છે કે બસોથી ત્રણસો આવી કવિતઓ ભેગી થાય અને એના હજારેક નકલના ઓર્ડર મળે એટલે આ સંગ્રહ બહાર પાડવાની ગતિવિધિ શરૂ કરવામાં આવે છે.

સ્કેમ એક પગલું આગળ વધે છે. તમારી કવિતા જાણીતા વકતાને કંઠે વંચાવવા માટે ડોલર પચીસ અને એની મલ્ટી કલર પ્રિન્ટેડ એક સીડીના ડોલર પાંચ રવાનગી બે ડોલર. પાંચ કે વધુ સીડી લેનાર માટે રવાનગી ખર્ચ માફ. વગેરે...વગેરે. આમાં જેના તરફથી ઓર્ડર મળ્યા હોય એવા પચીસથી પચાસ કવિયોની કવિતાઓ કોઈ હાલીમવાલી પાસે વંચાવીને સીડી તૈયાર કરાતી હોય છે.

વાત આટલેથી અટકતી નથી. થોડા વખત પછી તમને એક ઈમેઈલ મળે છે તેમાં તમારી કવિતાનાં ભારોભાર વખાણની સાથે જણાવવામાં આવે છે કે તમારી કવિતા અંતીમ વાંચનમાંથી પસાર થઈ ગઈ છે અને પંચોતેર ઈનામોની પ્રતિયોગિતામાં મૂકાઈ છે. આ ઈનામો વોશિંગ્ટનમાં કવિ પરિષદમાં જાહેર કરવામાં આવનાર છે. જો તમારે આ પરિષદમાં હાજરી આપવી હોય તો દાખલ ફી, હોટેલ (બે દિવસ અને એક રાત), તથા બે લંચ તથા એક ડીનરના મળીને ડોલર ૩૫૦ ભરીને સીટ બુક કરાવવી. હોલની કેપેસીટી મર્યાદિત હોવાથી વહેલા તે પહેલાના ધોરણે માગણીઓ સ્વીકારવામાં આવશે. આવા પત્ર હજારો કવિઓને પાઠવવામાં આવે છે. ઉતાવળે નિર્ણય લો અને આરામથી પસ્તાવો કરો એ માટેની વ્યવસ્થા. આમાંથી સાતસોથી હજાર માણસો આ ઓફર સ્વીકારે તોય શું? બધી થર્ડ ક્લાસ સગવડ ને ફર્સ્ટ ક્લાસ ફી. એક વ્યક્તિ દીઠ ૨૦૦ ડોલરનો ફાયદો. એમાંથી પચીસ હજારનાં ઈનામો વહેંચવાં પડે તોય શું?

જે કોઈ કવિ આ વતોમાં આવી જાય છે અને પચાસથી સો ડોલરની રોકડી કરાવે છે તેમને જે અનુભવ એ પછી થાય છે એ પણ જાણવા જેવા છે. પણ જોણે ૩૫૦નું વધારાનું આંધણ મૂકયું હોય એમનું શું? એમને તો ભગવાન જ બચાવે. ન કહેવાય કે ન સહેવાય.

બે મહિના પછીનો સમય આવતાં છ મહિના થઈ જાય છે. આ દરમિયાન કવિ કોઈ ફરિયાદ કરે તો એનો જવાબ આપવાની કોઈ દરકાર કરતું નથી. આ પછી પણ જો કવિ નસીબદાર હોય તો તેમને એ સંગ્રહ મળે છે. નહીં તો માથાનો દુઃખાવો.

હવે હિસાબ માંડી જુઓ. આવા ત્રણસો કવિયો મળી જાય અને પંદરસોથી બે હજાર નકલના ઓર્ડર મળી જાય તો ચાર પાંચ હજાર ખર્ચીને આ સંગ્રહ છાપી નાખવામાં આવે તો પેલા કવિયોને સંતોષ થઈ જાય. પણ આટલું થવામાંય જે વિલંબ થાય છે ને કવિને જવાબ વગરના જે પત્રવ્યવહારમાં ઊતરવું પડે છે એ અસહ્ય અને માથાના દુઃખાવા સમાન હોય છે.

જો તમને મારી વાત પર વિશ્વાસ ન આવતો હોય તો તમે આવી કોઈ કવિતા હરીફાઈમાં ઢંગધડા વગરની કોઈ કવિતા આપો ને જુઓ કે તમારી કવિતાનાં ભારોભાર વખાણ સાથે પત્ર આવે છે ને તમારી કવિતા છાપવા માટે પસંદ થાય છે. પછી તમને મૂંડવાની કારવાઈ ચાલુ થઈ જાય છે કે નહીં. અલબત્ત એમાં મૂંડાવાને બદલે ત મે એમને ઈમેઈલ કરીને એમ પૂછો કે એમના બુકસેલરો કયા છે જ્યાંથી તમે સંગ્રહની નકલો ખરીદી શકો તો તમને જવાબ નહીં મળે અથવા એવો જવાબ મળશે કે એમના બુક સેલરો એટલા બધા છે કે તેમનાં નામ જણાવવાં શક્ય નથી એટલે નામો જણાવવાની નીતિ રાખેલી નથી. પણ એમની પાસેથી છાપેલી કિંમતે સંગ્રહો ખરીદવા કરતાં અમને અગાઉથી ઓર્ડર આપી ખરીદવા સસ્તા પડશે.

લેખકના પરિચય માટે અહીં કલીક કરો.

આવા ઉપયોગી અન્ય લેખો વાંચવા કે તમારી વેબ સાઈટ પર પ્રસિધ્ધ કરવા માટે અહીં કલીક કરો.

નિયમો માટે અહીં કલીક કરો.